BUSINESS મિત્ર Plus

દબાણ વધારતા વિવિધ કારણોસર 2026માં નિફ્ટી 500નો દર બીજો શેર ઘટ્યો

છેલ્લા ત્રણ વર્ષમાં નિફ્ટી 500ના 106 શેરો મલ્ટીબેગર બન્યા હતા અને કેટલાકે 800 ટકા સુધીનું વળતર આપ્યું હતું, પરંતુ 2026માં ચિત્ર બદલાઈ ગયું છે. હવે ઈન્ડેક્સના 276 શેર ઘટી ગયા છે અને નુકસાન 61 ટકા સુધી પહોંચી ગયું છે. એફઆઈઆઈના વેચાણ, ઈરાન યુદ્ધ, ઊંચા મૂલ્યાંકન અને વ્યાજ દરો અંગેની ચિંતાઓએ બજાર પર દબાણ વધાર્યું છે.

શેરબજારમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, મલ્ટીબેગર શેરની ઘણી ચર્ચા થઈ છે, પરંતુ 2026માં, ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ત્રણ વર્ષમાં 106 નિફ્ટી 500 શેરોએ મલ્ટીબેગર વળતર આપ્યું હતું અને સૌથી વધુ 807 ટકાનો વધારો થયો હતો. હવે પરિસ્થિતિ એવી છે કે નિફ્ટી 500ના અડધાથી વધુ શેર ઘટી રહ્યા છે. આ વર્ષે આ શેરોમાં ખોટ 61 ટકા સુધી પહોંચી ગઈ છે, જ્યારે નિફ્ટી 500 પોતે લગભગ 5 ટકા નીચે છે.

2026માં, બજારમાં ઘણા કારણોસર દબાણ જોવા મળ્યું છે. ઈરાન યુદ્ધ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું સતત વેચાણ, શેરોનું ઊંચું મૂલ્યાંકન અને વ્યાજ દરમાં વધારાના ભયથી વ્યાપક બજારને અસર

માર્કેટ વોચ

થઈ છે. તેની અસર મલ્ટીબેગર શેરની સંખ્યા પર પણ પડી છે. જ્યારે 106 શેરોએ ત્રણ વર્ષના સમયગાળામાં મલ્ટિબેગર વળતર આપ્યું હતું, ત્યારે હવે 2026માં આ સંખ્યા ઘટીને માત્ર 6 થઈ ગઈ છે. સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર, નિફ્ટી 500ના અડધાથી વધુ શેર લાલ રંગમાં છે અને તેનો ઘટાડો 61 ટકા સુધી પહોંચી ગયો છે. જોકે, ત્રણ વર્ષના પર્ફોમન્સની વાત કરીએ તો કેટલાક શેરોએ રોકાણકારોને જોરદાર વળતર આપ્યું છે. એમસીએક્સે 807 ટકા શેરમાં વધારો કર્યો હતો. આ પછી બીએસઈના હિસ્સામાં 710 ટકાનો વધારો થયો હતો અને હિટાચીએનર્જીના હિસ્સામાં 670 ટકાનો વધારો થયો હતો.

2026માં સૌથી વધુ વળતર આપનારા શેરોની સૂચિ છેલ્લા ત્રણ વર્ષની સૂચિથી તદ્દન અલગ છે. વેલ્સ્પન કોર્પઆ વર્ષે સૌથી મોટો લાભ મેળવનાર રહ્યો છે. તેના શેરમાં 230 ટકાથી વધુનો વધારો થયો છે. ત્યારબાદએચએફસીએલએ 206 ટકાથી વધારે વળતર આપ્યું છે. આ ઉપરાંત, રેમન્ડ, સિરમા એ સ જી એ સ , અ પ ા ર ઈન્ડસ્ટ્રીઝઅને એજીસલોજિસ્ટિક્સના શેરમાં પણ 2026માં 100 ટકાથી વધુનો વધારો થયો છે.

જ્યારે કેટલાક શેરોએ આ વર્ષે

છેલ્લા ત્રણ વર્ષમાં 106 શેરો 800 ટકા વળતર આપીને મલ્ટીબેગર બન્યા હતા

મજબૂત વળતર આપ્યું છે, ત્યારે બજારના મોટા ભાગમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. 2026માં 276 નિફ્ટી 500 શેર ઘટ્યા છે. આ શેરોમાં ઘટાડો 61 ટકા સુધી પહોંચી ગયો છે. રાજેશ એક્સપોર્ટ્સ , એચઈજી , આલોક ઈન્ડસ્ટ્રીઝ, કેપીઆઈટી ટેકઅને સીઈ ઈન્ફો સિસ્ટમ્સઆ સમયગાળા દરમિયાન સૌથી વધુ ઘટેલા શેરોમાં સામેલ છે.

બજારમાં આ ફેરફાર એવા સમયે આવ્યો છે જ્યારે વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાંથી સતત પૈસા ઉપાડી રહ્યા છે. સપ્ટેમ્બર 2024માં બજારની ઊંચી સપાટીથી એફઆઈઆઈ સતત ચોખ્ખા વેચવાલ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન વિદેશી રોકાણકારોનો કુલ આઉટફ્લો આશરે 60 અબજ ડોલર રહ્યો છે. આમાં એકલા 2026માં લગભગ 30 અબજ ડોલરની ઉપાડનો સમાવેશ થાય છે.

વિદેશી રોકાણકારોએ જુલાઈ અને ઓગસ્ટમાં ફરીથી ભારતીય શેરોની ખરીદી શરૂ કરી હતી, પરંતુ આ રેલી લાંબો સમય ટકી શકી ન હતી. એફપીઆઈએ જુલાઈમાં 11,045 કરોડ રૂપિયા અને ઓગસ્ટમાં 10,231 કરોડ રૂપિયાની ખરીદી કરી હતી. આ પછી, સપ્ટેમ્બરમાં, તેઓએ ફરીથી વેચાણ શરૂ કર્યું. એનએસડીએલનાઆંકડા મુજબ 19 સપ્ટેમ્બર સુધીના એફપીઆઈએ સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં એક્સચેન્જ દ્વારા 23,676 કરોડ રૂપિયા ઉપાડ્યા છે.

નિષ્ણાત જણાવ્યા અનુસાર, જુલાઈ અને ઓગસ્ટમાં સકારાત્મક રહ્યા પછી, ભારતમાં એફપીઆઈ પ્રવાહ ફરી એકવાર નકારાત્મક હોવાના સંકેતો મળી રહ્યા છે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, બજાર હવે એવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે જ્યાં માત્ર ભૂતકાળના વળતરના આધારે રોકાણ કરવાનો નિર્ણય લેવો સરળ રહેશે નહીં.

આગામી સમયમાં કંપનીઓની કમાણી, બેલેન્સશીટની મજબૂતી અને શેરનું મૂલ્યાંકન વધુ મહત્વનું બની શકે છે. એટલે કે, બજારમાં તેજી હોવા છતાં, દરેક શેરમાં સમાન સંભાવના રહેશે નહીં. રોકાણકારોએ કંપનીઓના ફંડામેન્ટલ્સ અને વર્તમાન વેલ્યુએશન વચ્ચેના સંતુલન પર વધુ ધ્યાન આપવું પડશે.

સપ્ટેમ્બર મહિનામાં IPOની વણઝાર, હજુય નવા IPOની રફતાર ચાલુ રહેશે

સપ્ટેમ્બર મહિનામાં આઇપીઓની વણઝાર જોવા મળી રહી છે. જેમાં છેલ્લા બે સપ્તાહમાં એસએમઇ તથા મેઇનબોર્ડ આઇપીઓનો ઢગલાબદ્ધ ખુલ્યા હતા. એક અંદાજે નાણાકીય વર્ષ 2026માં 81 જેટલા આઇપીઓ બજારમાં પ્રવેશી ચૂક્યા છે. જેમાં એનએસઇના આઇપીઓનો પણ સમાવેશ થાય છે. જોકે, એનએસઇના મેગા આઇપીઓ ગાજ્યો એટલો વરસ્યો નહીં. સેબીના ચેરપર્સન તુહીન કાંત પાંડેએ કહ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026માં કંપનીઓ આઇપીઓ મારફતે આશરે બે લાખ કરોડ રૂપિયાના ભંડોળ એકત્ર કરશે.

જોકે, સપ્ટેમ્બર મહિનામાં જેટલા આઇપીઓ પ્રવેશ્યા હતા, તેમાં રોકાણકારોને વળતરમાં મિશ્ર વલણ જોવાયું હતું. જેમાં સૌથી વધુ આઇપીઓ ઇએસડીએસ સોફ્ટવેરનો રહ્યો હતો. જે રૂ. 429ના ભાવે ઓફર કરાયો હતો, જે હાલમાં રૂ. 1800ની ઉપર બોલાઇ રહ્યો છે. જેમાં રોકાણકારોને સૌથી વધુ વળતર મળ્યું હતું, તેવી જ રીતે ટેમ્પસેન્સમાં 77 ટકા, એસએસ રિટેલમાં 71 ટકા સહિતના 20 જેટલા આઇપીઓમાં રોકાણકારોને સારૂં વળતર મળ્યું હતું.

બીજી તરફ, આ મહિનામાં બહુચર્ચિત એનએસઇનનો આઇપીઓ આવ્યો હતો, જેમાં રોકાણકારોને નિરાશા સાંપડી હતી, જે રૂ. 50થી 60નું પ્રીમિયમ બોલાતું હતું. ગ્રે બજારમાં પ્રીમિમય બોલાતું હતું, તે હાલમાં માત્ર રૂ. 15ના પ્રીમિયમનો ભાવ બોલાઇ રહ્યો છે. આમ, બહુ ગાજ્યો હતો, તેમાં રોકાણકારોને નિરાશા સાંપડી છે. આનાથી વિપરીત જિન્દાલ સુપ્રીમોનું લિસ્ટીંગ મજબૂત રહ્યું હતું, જેમાં 29 ટકા પ્રીમિયમ



લિસ્ટીંગ ગેઇન મળ્યો હતો. આવી જ રીતે એસએસ રિટેલ લિ.માં પણ મજબૂત લિસ્ટીંગ જોવા મળ્યું હતું, જ્યાં રૂ. 424ના ઇશ્યૂ ભાવ સામે રૂ. 624 પર લિસ્ટીંગ થતાં 47.17 ટકા તગડો ગેઇન મળ્યો હતો. હાલમાં

એનએસઇનો આઇપીઓ ગાજ્યો એટલો વરસ્યો નહીં, પ્રીમિયમના દાવા ફુલોપ, નાણાકીય વર્ષ 2026માં ભારતીય કંપનીઓ આઇપીઓ મારફતે બે લાખ કરોડ રૂપિયા એકત્ર કરવાનો અંદાજ

ભાવ રૂ. 728.20નો બોલાઇ રહ્યો છે.

ભારતીય શેરબજારમાં વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના પગલે સેકેન્ડરી બજારમાં નરમાઇ જોવા મળી હતી. એકબાજું વિદેશી રોકાણકારો દ્વારા થઇ રહેલી અવિરત અને જંગી વેચવાલી બીજી તરફ, યુએસ બોન્ડ યીલ્ડમાં સતત થઇ રહેલો વધારો, વૈશ્વિક મધ્યસ્થ બેન્કોનું નાણાકીય નીતીઓના કડક વલણ અને મીડલ ઇસ્ટમાં ફરીથી જીયો પોલીટીકલ તણાવના પગલે લિસ્ટેડ શેરોમાં તીવ્ર અસ્થિરતા અને દબાણ જોવા મળી રહ્યું છે. પરંતુ સેકેન્ડરી માર્કેટની આ બગડતી હવા અને મંદીના વાદળો વચ્ચે પ્રાયમરી માર્કેટમાં ધમધમાટ જોવ મળી રહ્યો છે.

ભારતીય કેપિટલ માર્કેટના ઇતિહાસમાં છેલ્લા 30 વર્ષનો સૌથી વ્યસ્ત અને સફળ મહિનો બન્યો છે. સપ્ટેમ્બર મહિના દરમ્યાન મેઇનબોર્ડ પ્લેટફોર્મ પર કુલ 30 આઇપીઓ આવ્યા છે. આ પહેલા ડિસેમ્બર 1996માં એક જ મહિનામાં 33 આઇપીઓ આવ્યા હતા, જે પછીનો આ 30 વર્ષનો સૌથી મોટો માસિક આંકડો છે. આ 30 મેઇનબોર્ડ ઇશ્યૂ મારપતે કંપનીઓએ ભારતીય બજારમાંથી આશરે રૂ. 38785 કરોડનું જંગી ભંડોળ એકત્ર કર્યું છે. માસક

આઇપીઓ બઝ

ફંડરેઝિંગની દ્રષ્ટિએ આ આંકડો અગાઉના ઓક્ટોબર 2025ના રૂ. 45188 કરોડના રેકોર્ડ ફંડરેઝિંગ પછીનો બીજા નંબરનો સૌથી મોટો આંકડો બની ગયો છે, જે દર્શાવે છે કે સેકેન્ડરી માર્કેટની મંદી વચ્ચે પણ પ્રાયમરી માર્કેટમાં રોકાણકારોની લિક્વિડીટી છલકાઇ રહી છે.

ભારતીય શેરબજારમાં બીએસઇ 500ના પ્રભાવ ઘટતો જોવા મળી રહ્યો છે. બીએસઇ લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપમાં બીએસઇ 500માં સામેલ દેશની ટોચની 500 કંપનીઓનો હિસ્સો 96 ટકા જેટલો રહેતો હતો. જે હવે ગગડી 85 ટકાના સર્વકાલીન નીચલા સ્તરે આવી પહોંચ્યો છે. બીએસઇ 500 ઇન્ડેક્સ તેના સપ્ટેમ્બર 2024ના પીક સ્તરથી આશરે 9 ટકા જેટલો તૂટ્યો છે. ચાલુ વર્ષમાં જ તેમાં 5.6 ટકાનો ઘટાડો નોંધાયો છે.

તેની સામે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં મજબૂત તેજીનો વાયરો જોવા મળ્યો છે, જેનું ઉત્તમ ઉદાહરણ એ છે કે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ ચાલુ વર્ષે જ 13.3 ટકાનો તોફાની ઉછાળો નોંધાવી ચૂક્યો છે. લાર્જકેપ ક્ષેત્રની કંપનીઓની અર્નિંગ ગ્રોથ એટલે કે નફાકારકતાનો વૃદ્ધિદર હાલમાં શારે 8થી 9 ટકા આસપાસ જ સીમિત રહ્યો છે, જ્યારે તેની સરખામણીએ બ્રોડર માર્કેટની સ્મોલ અને મિડકેપ કંપનીઓ કમાણીના મોરચે મજબૂત દેખાવ કરી રહી છે.

પ્રવાસનથી મળતી વિદેશી હૂંડિયામણની આવક 2025માં વધીને 2,76,831 કરોડ થઈ

27 સપ્ટેમ્બરે વિશ્વ પ્રવાસન દિવસની સરકારી ઉજવણી પૂર્ણ થઈ છે. વર્ષ 2026ના વિશ્વ પ્રવાસન દિવસની થીમ "ડિજિટલ એજન્ડા ઓફ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ટુ રિડિઝાઇન ટુરિઝમ" એટલે કે 'ડિજિટલ એજન્ડા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી પ્રવાસનને નવેસરથી ઘડવું' રાખવામાં આવી છે. પ્રવાસન ક્ષેત્રમાં ડિજિટલ ટેક્નોલોજી, ડેટા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની વધતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ વર્ષની થીમ પ્રવાસનના ભવિષ્ય તરફ સંકેત આપે છે. ભારત પણ ડિજિટલ પ્લેટફોર્મ, ઈ-વિઝા, AI આધારિત સેવાઓ, નવા પ્રવાસન સ્થળોના વિકાસ અને કનેક્ટિવિટી મારફતે પ્રવાસન ક્ષેત્રને વધુ સરળ, સમાવેશી અને ટકાઉ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

પ્રવાસન હવે માત્ર એક સ્થળેથી બીજા સ્થળે જવાની પ્રવૃત્તિ પૂરતું મર્યાદિત રહ્યું નથી. તે રોજગાર, સ્થાનિક વ્યવસાય, હસ્તકલા, હોટેલ-રેસ્ટોરન્ટ, પરિવહન, મનોરંજન, સાંસ્કૃતિક વારસા અને વિવિધ સમુદાયોની આજીવિકા સાથે જોડાયેલું

ટેક્નોલોજી અને AIથી બદલાશે પ્રવાસનનો ચહેરો :ભારતમાં પ્રવાસન ક્ષેત્રનો GDPમાં 5.22 ટકા ફાળો, 8.46 કરોડ લોકોને રોજગાર,2025માં 428.55 કરોડ સ્થાનિક પ્રવાસીઓ, 2.53 કરોડ વિદેશી પ્રવાસીઓ નોંધાયા

વિશાળ આર્થિક ક્ષેત્ર બની ગયું છે.

ભારતમાં પ્રવાસન ક્ષેત્રે છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર વિસ્તરણ કર્યું છે. પ્રવાસન મંત્રાલયના ટુરિઝમ સેટેલાઇટ એકાઉન્ટના અંદાજ મુજબ 2023-24માં પ્રવાસન ક્ષેત્રનો દેશના GDPમાં 5.22 ટકા ફાળો રહ્યો હતો અને 8.46 કરોડ રોજગારોને ટેકો મળ્યો હતો. 2019-20માં રોજગારનો આ આંકડો 6.94 કરોડ હતો. એટલે પ્રવાસન ક્ષેત્ર રોજગારના મહત્વના સ્ત્રોત તરીકે પણ ઊભરી રહ્યું છે.

દેશમાં પ્રવાસીઓની અવરજવર પણ ઝડપથી વધી છે. સરકારી આંકડા અનુસાર 2021માં 67.7 કરોડ રહેલા ડોમેસ્ટિક ટૂરિસ્ટ વિઝિટ્સ વધીને 2025માં 428.55 કરોડ થયા હતા.



બીજી તરફ, ફોરેન ટૂરિટ્સ વિઝિટ્સ 2021માં આશરે 0.1 કરોડથી વધીને 2025માં 2.53 કરોડ થયા હતા.

પ્રવાસનથી મળતી વિદેશી હૂંડિયામણની આવકમાં પણ મોટો વધારો નોંધાયો છે. 2021માં રૂ.63,978 કરોડ રહેલી ફોરેન એક્સચેન્જ અર્નિંગ(Foreign Exchange Earnings) 2025માં વધીને રૂ.2,76,831 કરોડ થઈ હતી. આ આંકડો આંતરરાષ્ટ્રીય પ્રવાસનના આર્થિક મહત્વને દર્શાવે છે.

પ્રવાસન ક્ષેત્રમાં સૌથી મોટો બદલાવ ડિજિટલ ટેક્નોલોજી અને AIના વધતા ઉપયોગથી આવવાનો છે. અગાઉ પ્રવાસ માટે નકશો, ગાઇડબુક અને ટ્રાવેલ એજન્ટ પર આધાર રાખવો પડતો હતો. હવે મોબાઇલ ફોન પર જ સ્થળ શોધવું, હોટેલ બુક કરવી, ફ્લાઇટ-ટ્રેનની માહિતી મેળવવી, પ્રવાસનું આયોજન કરવું અને સ્થાનિક સ્થળોની માહિતી મેળવવી શક્ય બન્યું છે.

આગામી સમયમાં પ્રવાસી માત્ર પોતાની પસંદગી જણાવશે અને AI તેની પસંદગી, બજેટ, સમય, હવામાન અને રસના આધારે પ્રવાસનું આયોજન કરવામાં મદદ કરી શકશે. AI પ્રવાસીઓને વધુ વ્યક્તિગત અનુભવ આપવા ઉપરાંત પ્રવાસન સ્થળોના સંચાલન અને નિર્ણય પ્રક્રિયાને પણ ડેટા આધારિત બનાવવામાં મદદ કરી શકે છે.

ભારતે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ઈ-વિઝા વ્યવસ્થાને સતત વિસ્તારી છે. 2014માં 43 દેશોના નાગરિકો માટે શરૂ કરાયેલી આ વ્યવસ્થા હવે 172 દેશોના નાગરિકો માટે ઉપલબ્ધ છે. પ્રવાસીઓને 88 આંતરરાષ્ટ્રીય પોર્ટ, જેમાં 37 એરપોર્ટ, 38 સીપોર્ટ અને 13 લેન્ડ પોર્ટનો સમાવેશ થાય છે, મારફતે પ્રવેશની સુવિધા છે.

સરકારના જણાવ્યા મુજબ હવે ભારત દ્વારા આપવામાં આવતા આશરે 78 ટકા વિઝા ઈલેક્ટ્રોનિક વિઝા છે અને લગભગ 95 ટકા ઈ-વિઝા અરજીઓ 72 કલાકમાં પ્રક્રિયા કરવામાં આવે છે. આથી વિદેશી પ્રવાસીઓ માટે ભારતની મુલાકાત લેવાની પ્રક્રિયા વધુ ડિજિટલ અને સરળ બની રહી છે.

ભારતનું Incredible India Digital Platform પણ પ્રવાસનના ડિજિટલ પરિવર્તનનો મહત્વનો ભાગ બની રહ્યું છે. આ પ્લેટફોર્મ પર ભારતના સાંસ્કૃતિક, ઐતિહાસિક, સાહસિક, ગેસ્ટ્રોનોમિક, વેલનેસ, કલા-હસ્તકલા અને ગ્રામ્ય પ્રવાસનના અનુભવોને ડિજિટલ રીતે રજૂ કરવામાં આવે છે.

પ્લેટફોર્મનું AI આધારિત સાધન પ્રવાસીઓને રિયલ ટાઇમ હવામાન માહિતી, શહેરની શોધખોળ અને અન્ય પ્રવાસન સેવાઓ સહિત વ્યક્તિગત અનુભવ પૂરો પાડે છે. ફ્લાઇટ, હોટેલ, કેબ, બસ અને ASI સ્મારકોની ટિકિટ જેવી સેવાઓ માટે Online Travel Agents અને અન્ય પ્રવાસન હિતધારકો સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

ક્રૂઝ પ્રવાસનમાં 328 ટકાનો વધારો

ભારતમાં દરિયાઇ અને ક્રૂઝ પ્રવાસન પણ વિસ્તરી રહ્યું છે. 2014-15માં 1.08 લાખ રહેલી સમુદ્રી ક્રૂઝ મુસાફરોની સંખ્યા 2025-26માં વધીને 4.62 લાખ થઈ હતી, જે 328 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વિશાખાપટ્ટણમ, મુંબઈ અને ચેન્નાઈમાં આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલને અપગ્રેડ કરીને કાર્યરત કરવામાં આવ્યા છે અને પુડુચેરીને સામેલ કરીને ઈસ્ટ કોસ્ટ ક્રૂઝ સર્કિટનો પણ વિસ્તાર કરવામાં આવ્યો છે. ટેક્નોલોજીનો ઉપયોગ ક્રૂઝ પ્રવાસમાં પણ થઈ રહ્યો છે. QR આધારિત ઇમિગ્રેશન ક્લિયરન્સથી એક પ્રવાસી માટે પ્રક્રિયાનો સમય આશરે 30 સેકન્ડ સુધી ઘટાડાયો હોવાનું PIBએ જણાવ્યું છે. ડિજિટલ કસ્ટમ્સ પ્રક્રિયા અને e-Group Visit Visa પણ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ જૂથો માટે પ્રવેશ સરળ બનાવવામાં મદદ કરી રહ્યાં છે. પ્રવાસન સ્થળોના વિકાસ સાથે કનેક્ટિવિટી પણ મહત્વપૂર્ણ છે. Swadesh Darshan 2.0 હેઠળ માત્ર એક પ્રવાસન સ્થળ નહીં પરંતુ સમગ્ર destination ecosystem વિકસાવવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર RCS-UDAN હેઠળ અત્યાર સુધી 95 એરપોર્ટને જોડતા 687 રૂટ કાર્યરત થયા છે. 2026-27થી 2035-36 માટે Modified UDAN યોજના માટે રૂ.28,840 કરોડનું મંજૂર આઉટલે છે, જેમાં 100 એરપોર્ટ અને 200 આધુનિક હેલિપેડ વિકસાવવાની યોજના સામેલ છે.

પ્રવાસન વ્યવસાય સાથે જોડાયેલા હોટેલ, આવાસ અને અન્ય સેવા પ્રદાતાઓ માટે NIDHI+ (National Integrated Database of Hospitality Industry) મહત્વનું ડિજિટલ પ્લેટફોર્મ બની રહ્યું છે.

23 સપ્ટેમ્બર 2026 સુધી NIDHI+ પર 63,740 આવાસ એકમો, 54 કન્વેન્શન સેન્ટર, 215 ફૂડ બિઝનેસ ઓપરેટર, 1,450 ઓનલાઈન ટ્રાવેલ એગ્રીગેટર અને 15,531 પ્રવાસન સેવા પ્રદાતાઓ નોંધાયેલા હતા. નોંધણી,

બિઝનેસ વ્યૂ

માન્યતા, વર્ગીકરણ, ઓનલાઈન પ્રક્રિયા, પેમેન્ટ અને મંજૂરી જેવી કામગીરીને ડિજિટલ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

જૂન 2026માં પ્રવાસન મંત્રાલયે Google India સાથે MoU કર્યો હતો. તેનો હેતુ ડિજિટલ ટેક્નોલોજી, AI, ડેટા આધારિત માહિતી અને ક્ષમતાનિર્માણ મારફતે ભારતીય પ્રવાસનના ડિજિટલ પ્રચારને મજબૂત બનાવવાનો છે.

આ ભાગીદારી હેઠળ વૈશ્વિક પ્રવાસન વલણો, પ્રવાસીઓની વર્તણૂક અને ડિજિટલ જોડાણના ડેટાનો ઉપયોગ પ્રવાસન પ્રચારને વધુ માહિતી આધારિત બનાવવા માટે કરવાનો પ્રયાસ છે. મંત્રાલયના અધિકારીઓને ડિજિટલ માર્કેટિંગ, કેમ્પેઇન ઓપ્ટિમાઇઝેશન, કન્ટેન્ટ ક્રિએશન અને AI સહિતની નવી ટેક્નોલોજી અંગે તાલીમ આપવાની પણ જોગવાઈ છે.

નાના શહેરોમાં પણ પ્રવાસન સ્ટાર્ટઅપનો ઉદય થયો છે.ડિજિટલ ટેક્નોલોજીનો ફાયદો માત્ર મોટા શહેરો પૂરતો મર્યાદિત નથી. 17 એપ્રિલ 2023 સુધી પ્રવાસન અને ટ્રાવેલ ક્ષેત્રમાં 262 જિલ્લાઓમાં 1,497 DPIIT-માન્ય સ્ટાર્ટઅપ હતા. તેમાંથી 58 ટકા સ્ટાર્ટઅપ Tier-II અને Tier-III શહેરોમાં આધારિત હતા.આ સ્ટાર્ટઅપ ટ્રાવેલ ટેક્નોલોજી, ઓનલાઈન બુકિંગ, હોમસ્ટે, ગ્રામ્ય અને અનુભવ આધારિત પ્રવાસન, સ્માર્ટ મોબિલિટી અને AI આધારિત ટ્રાવેલ પ્લાનિંગ જેવા ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યા છે. ભારતના પ્રવાસનનું સૌથી મોટું બળ તેની વિવિધતા છે. અયોધ્યા, કાશી, બોધગયા, અમૃતસર, તિરુપતિ અને પુરી જેવા ધાર્મિક સ્થળોથી લઈને હેરિટેજ, યોગ, આયુર્વેદ, વેલનેસ, મેડિકલ ટૂરિઝમ, વાઈલ્ડલાઈફ અને ગ્રામ્ય પ્રવાસન સુધી વિવિધ ક્ષેત્રોમાં વિકાસની સંભાવના છે.

PRASHAD અને Swadesh Darshan 2.0 જેવી યોજનાઓ દ્વારા ધાર્મિક અને અન્ય પ્રવાસન સ્થળોએ માળખાકીય સુવિધાઓ અને પ્રવાસી અનુભવ સુધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગ્રામ્ય અને કોમ્યુનિટી આધારિત પ્રવાસનથી સ્થાનિક પરિવારો, કલાકારો, હસ્તકલાકારો અને નાના વ્યવસાયોને વધારાની આવકની તકો ઊભી થઈ શકે છે.

ડાયમંડ ઉદ્યોગનું ભવિષ્ય : કુદરતી હીરા સામે લેબગ્રોનનો પડકાર, નવી તકોનો ઉદય

હીરા માત્ર આભૂષણ નથી, પરંતુ વિશ્વભરમાં વૈભવ, વિશ્વસનીયતા અને લાંબા સમયથી ચાલતી પરંપરાનું પ્રતિક માનવામાં આવે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં ડાયમંડ ઉદ્યોગ ઝડપથી બદલાઈ રહ્યો છે. કુદરતી હીરાની કિંમતોમાં ઘટાડો, લેબગ્રોન હીરાની વધતી ઉપલબ્ધતા, ગ્રાહકોની બદલાતી પસંદગી અને વૈશ્વિક અર્થતંત્રની અનિશ્ચિતતા જેવા પરિબળોએ પરંપરાગત ડાયમંડ બિઝનેસ માટે નવા પડકારો ઊભા કર્યા છે.

તાજેતરના ઉદ્યોગ અહેવાલો પણ આ પરિવર્તનની પુષ્ટિ કરે છે. 2026ના પ્રથમ છ મહિનામાં મોટા અને ઉચ્ચ ગુણવત્તાવાળા કુદરતી હીરાની માંગ તુલનાત્મક રીતે મજબૂત રહી છે, જ્યારે નાના અને નીચી ગુણવત્તાવાળા હીરા પર લેબગ્રોન હીરાના કારણે ભાવનું દબાણ જોવા મળ્યું છે. 2026ના પ્રથમ છ મહિનામાં તેના રફ ડાયમંડનો સરેરાશ વાસ્તવિક ભાવ 32 ટકા ઘટીને પ્રતિ કેરેટ 105 ડોલર થયો

લેબગ્રોનના લીધે નેચરલ હીરાના ભાવમાં ઘટાડો અને બદલાતી ગ્રાહક પસંદગી વચ્ચે સુરત સહિત ભારતના ડાયમંડ ઉદ્યોગ માટે આગામી દાયકામાં પરિવર્તન જોવા મળી શકે

હતો.

આ પરિસ્થિતિમાં લેબગ્રોન હીરા ડાયમંડ ઉદ્યોગ માટે સૌથી મોટો પરિવર્તનકારી પરિબળ બની રહ્યા છે. ટેક્નોલોજીના વિકાસને કારણે લેબગ્રોન હીરાનું ઉત્પાદન અગાઉની સરખામણીએ સરળ બન્યું છે અને તેની કિંમતમાં પણ સતત ઘટાડો થયો છે.

2026ના અહેવાલ અનુસાર 2020થી સિન્થેટિક લેબગ્રોન હીરાના હોલસેલ ભાવમાં 93 ટકા જેટલો ઘટાડો થયો છે.

પરંતુ તેનો અર્થ કુદરતી હીરાનું ભવિષ્ય સમાપ્ત થઈ રહ્યું છે એવો નથી. કુદરતી હીરાની સૌથી મોટી તાકાત તેની દુર્લભતા, કુદરતી ઉત્પત્તિ અને ભાવનાત્મક મૂલ્ય છે. લગ્ન, વર્ષગાંઠ, વ્યક્તિગત સિદ્ધિ અને ખાસ પ્રસંગો માટે ગ્રાહકો હજુ પણ કુદરતી હીરાને પ્રીમિયમ પ્રોડક્ટ તરીકે જોઈ રહ્યા છે. 2026ના અમેરિકન ગ્રાહક અભ્યાસમાં કુદરતી હીરા લક્ઝરી જ્વેલરીમાં સૌથી વધુ પસંદગીના ઉત્પાદનોમાં રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આગામી લાંબા ગાળામાં ડાયમંડ ઉદ્યોગ બે અલગ બજારોમાં વધુ સ્પષ્ટ રીતે વહેંચાઈ શકે છે. એક તરફ પ્રમાણમાં સસ્તા, મોટા કદના અને ફેશન-કેન્દ્રિત લેબગ્રોન હીરાનું બજાર રહેશે, બીજી તરફ દુર્લભતા, બ્રાન્ડ, પ્રમાણિકતા અને ભાવનાત્મક મૂલ્ય પર આધારિત કુદરતી હીરાનું પ્રીમિયમ માર્કેટ વિકસશે.

આ પરિવર્તનમાં સુરતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. ભારત વિશ્વનું મહત્વનું ડાયમંડ કટિંગ અને પોલિશિંગ કેન્દ્ર છે અને સુરત આ ઉદ્યોગનું મુખ્ય હબ છે. તેથી વૈશ્વિક માંગમાં ફેરફારની સીધી અસર સુરતના ઉત્પાદકો, કામદારો, વેપારીઓ અને નાના-મોટા ઉદ્યોગો પર પડી શકે છે. આગામી સમયમાં માત્ર હીરા કાપવા અને પોલિશ કરવા કરતાં ડિઝાઇન, બ્રાન્ડિંગ, જ્વેલરી મેન્યુફેક્ચરિંગ, ટ્રેસેબિલિટી અને સીધા ગ્રાહક સુધી પહોંચવાની ક્ષમતા વધુ મહત્વની બની શકે છે.

કુદરતી હીરાના ક્ષેત્રમાં ટ્રેસેબિલિટી પણ ભવિષ્યની મહત્વપૂર્ણ જરૂરિયાત બનશે. ગ્રાહકો હીરા ક્યાંથી આવ્યો, તેની સપ્લાય ચેઇન કેટલી પારદર્શક છે અને તે જવાબદારીપૂર્વક મેળવવામાં આવ્યો છે કે નહીં તે અંગે વધુ માહિતી ઇચ્છી રહ્યા છે. તેથી ટેક્નોલોજી આધારિત પ્રમાણપત્ર અને ડિજિટલ ટ્રેકિંગ કુદરતી હીરાને અલગ ઓળખ આપવામાં મદદ કરી શકે છે.

બીજી તરફ, વૈશ્વિક રફ ડાયમંડ ઉત્પાદન આગામી વર્ષોમાં ઘટવાની અપેક્ષા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જો સપ્લાયમાં ઘટાડો અને માંગમાં ધીમે ધીમે સુધારો થાય તો લાંબા ગાળે કુદરતી હીરાના બજારમાં સપ્લાય-ડિમાન્ડનું સંતુલન સુધરી શકે છે. જોકે નજીકના ગાળામાં બજારની સ્થિતિ પડકારજનક રહેવાની શક્યતા ઉદ્યોગના અહેવાલોમાં દર્શાવવામાં આવી છે.

આથી ડાયમંડ ઉદ્યોગનું લાંબા

કરન્ટ-ટોપિક

ગાળાનું ભવિષ્ય માત્ર ભાવ પર આધારિત નહીં રહે. ગુણવત્તા, નવી ડિઝાઇન, બ્રાન્ડિંગ, ટેક્નોલોજી, પારદર્શક સપ્લાય ચેઇન અને ગ્રાહક વિશ્વાસ ઉદ્યોગની સફળતાના મુખ્ય આધારસ્તંભ બની શકે છે. સુરત માટે પણ આ પરિવર્તન પડકાર સાથે મોટી તક લઈને આવી શકે છે. જે ઉદ્યોગો બદલાતી ગ્રાહક જરૂરિયાત પ્રમાણે પોતાને ઢાળશે, તેઓ વૈશ્વિક ડાયમંડ માર્કેટમાં પોતાની સ્થિતિ મજબૂત રાખી શકશે.